# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
## BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[ Gujarat Public Universities Act No. 15/2023 ]

ક્રમાંક/BKNMU/NSS/158/2026 તા. 26/09/2026

વિષય :- તા. ૨૮-૦૯-૨૦૨૬ને સોમવાર નારોજ સવારે ૧૦:૩૦ કલાકે **"ગુજરાત સાંસ્કૃતિક વકતૃત્વ સ્પર્ધા - ૨૦૨૬"**ના શુભારંભ અંતર્ગત યુનિવર્સિટી કોન્ફરન્સ હોલ ખાતે ઉપસ્થિત રહેવા બાબત.

સંદર્ભ :- KNOWLEDGE CONSORTIUM OF GUJARATનો તા. ૨૫-૦૯-૨૦૨૬નો પત્ર.

પરીપત્ર :-

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ સ્થિત વિવિધ ભવનોના અધ્યક્ષશ્રીઓ, વિવિધ વિભાગોના વડાઓ તથા સેન્ટર્સ, ચેર્સ, એકમના વડાઓને જણાવવામાં આવે છે કે, ભારતના માન. વડાપ્રધાનશ્રીના **'વિકસિત ભારત @2047'** તથા 'આત્મનિર્ભર ભારત'ના સંકલ્પને સાકાર કરવામાં યુવા શક્તિની મહત્વપૂર્ણ ભૂમિકા રહેલી છે. માન. મુખ્યમંત્રીશ્રીના દીર્ઘદ્રષ્ટિપૂર્ણ માર્ગદર્શન હેઠળ રાજ્યના યુવાધનમાં જ્ઞાનની સાથે **શ્રેષ્ઠ ચારિત્ર્ય, વિનય, વિવેક, માન-મર્યાદા, સુશીલતા, સંસ્કૃતિક મૂલ્યો અને** રાષ્ટ્રભાવનાનું સિંચન કરવું આવશ્યક છે. આ હેતુને ધ્યાનમાં રાખીને **ઉચ્ચ શિક્ષણ વિભાગ તથા સેવ કલ્ચર સેવ ભારત ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે "ગુજરાત સંસ્કૃતિક વકતૃત્વ સ્પર્ધા (GSVS) - ૨૦૨૬"**નું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ સ્પર્ધાને **"સંસ્કાર સિંચનનો મહાકુંભ"** તરીકે આયોજીત કરવામાં આવશે. સ્પર્ધાનો મુખ્ય ઉદ્દેશ્ય યુવાનોમાં સાંસ્કૃતિક અને નૈતિક મૂલ્યોનું સંવર્ધન કરવા ઉપરાંત વકતૃત્વ, વિચારશક્તિ, આત્મવિશ્વાસ અને નેતૃત્વ કૌશલ્યોનો વિકાસ કરવાનો છે.

તા. ૨૮-૦૯-૨૦૨૬ને સોમવાર નારોજ સવારે ૧૧:૦૦ કલાકે **"ગુજરાત સંસ્કૃતિક વકતૃત્વ સ્પર્ધા - ૨૦૨૬"**ના શુભારંભ થવા જઈ રહ્યો છે. આ પ્રસંગે માનનીય મુખ્યમંત્રીશ્રી, માન. શિક્ષણમંત્રીશ્રી તેમજ સંતો અને મહાનુભાવોનું વિશેષ ઓનલાઈન સંબોધન યોજાનાર હોય, યુનિવર્સિટી સ્થિત વિવિધ ભવનોના અધ્યક્ષશ્રીઓ, ફેકલ્ટીઝ, વિવિધ વિભાગોના વડાઓ તથા સેન્ટર્સ, ચેર્સ, એકમના વડાઓને વિદ્યાર્થીઓ સહીત યુનિવર્સિટી (B બિલ્ડીંગ) કોન્ફરન્સ હોલ ખાતે તા. ૨૮-૦૯-૨૦૨૬ ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે અચૂક ઉપસ્થિત રહેવા યોગ્ય આયોજન થવા જણાવવામાં આવે છે.

**તારીખ** :- ૨૮/૦૯/૨૦૨૬
**સમય** :- બપોરે ૧૦:૩૦ કલાકે
**સ્થળ** :- યુનિવર્સિટી(B બિલ્ડીંગ) કોન્ફરન્સ હોલ

કુલસચિવ

બિડાણ :-
સંદર્ભ દર્શિત પત્ર

પ્રતિ,
(૧) ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સ્થિત વિવિધ ભવનોના અધ્યક્ષશ્રીઓ,
(૨) ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી કાર્યાલયના વિવિધ વિભાગોના વડાશ્રીઓ,
(૩) સેન્ટર્સ, ચેર્સ, એકમોના વડાશ્રીઓ

નકલ સાદર રવાના :-
માન. કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

# KNOWLEDGE CONSORTIUM OF GUJARAT

**Registered Society under the Department of Education**
**Pragna Puram Campus, Opposite PRL, Near L.D College of Engineering.**
**Navarangpura, Ahmedabad, Gujarat 380015, India**
**Email : kcgextension@gmail.com Website: https://kcg.gujarat.gov.in/**


તા.૨૫/૯/૨૦૨૬

પ્રતિ,
માનનીય કુલપતિશ્રી

1. **ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી, જૂનાગઢ**
2. **ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સીટી, અમદાવાદ**
3. **ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદ**
4. **હેમચંદ્રાચાર્ય ઉતર ગુજરાત યુનિવર્સીટી, પાટણ**
5. **ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી, કચ્છ**
6. **મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સીટી, ભાવનગર**
7. **સરદાર પટેલ યુનિવર્સીટી, આણંદ**
8. **સૌરાષ્ટ્ર યુનિવર્સીટી, રાજકોટ**
9. **શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટી, સોમનાથ**
10. **શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સીટી, ગોધરા**
11. **મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા, બરોડા**
12. **વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી, સુરત**
13. **ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર**
14. **ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ**
15. **ભારતીય શિક્ષક શિક્ષણ સંસ્થાન (IITE), ગાંધીનગર**
16. **ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ટેક્નોલોજી રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ (IITRAM), અમદાવાદ**

વિષય: 'ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધા – ૨૦૨૬' ના શુભારંભ બાબત.

શ્રીમાન,

ભારતના માનનીય વડાપ્રધાનશ્રીના **'વિકસિત ભારત @2047'** તથા 'આત્મનિર્ભર ભારત'ના સંકલ્પને સાકાર કરવામાં યુવા શકિતની મહત્વપૂર્ણ ભૂમિકા છે. માનનીય મુખ્યમંત્રીશ્રીના દીર્ઘદ્રષ્ટિપૂર્ણ માર્ગદર્શન હેઠળ રાજ્યના યુવાધનમાં જ્ઞાનની સાથે **શ્રેષ્ઠ ચારિત્ર્ય, વિનય, વિવેક, માન-મર્યાદા, સુશીલતા, સાંસ્કૃતિક મૂલ્યો અને રાષ્ટ્રભાવના**નું સિંચન કરવું આવશ્યક છે. આ હેતુને ધ્યાનમાં રાખીને **ઉચ્ચ શિક્ષણ વિભાગ તથા સેવ કલ્ચર સેવ ભારત ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધા (GSVS)–૨૦૨૬**નું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ સ્પર્ધાને **"સંસ્કાર સિંચનનો મહાકુંભ"** તરીકે આયોજિત કરવામાં આવશે. સ્પર્ધાનો મુખ્ય ઉદ્દેશ યુવાનોમાં સાંસ્કૃતિક અને નૈતિક મૂલ્યોનું સંવર્ધન કરવા ઉપરાંત **વક્તૃત્વ, વિચારશક્તિ, આત્મવિશ્વાસ અને નેતૃત્વ કૌશલ્ય**નો વિકાસ કરવાનો છે.

તા. ૨૮/૦૯/૨૦૨૬ (સોમવાર) ના રોજ સવારે ૧૧:૧૫ કલાકે 'ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધા – ૨૦૨૬' નો શુભારંભ થવા જઈ રહ્યો છે. આ પ્રસંગે માનનીય મુખ્યમંત્રીશ્રી, શિક્ષણ મંત્રીશ્રી તેમજ સંતો અને મહાનુભાવોનું વિશેષ ઓનલાઈન સંબોધન યોજાનાર છે.

આ કાર્યક્રમમાં ઉપર મુજબની યુનિવર્સિટીઓ Two Way Link થી જોડાવવાની થાય છે.

વિગતો:
તારીખ: ૨૮/૦૯/૨૦૨૬ (સોમવાર)
સમય: બપોરે ૧૧.૧૫ કલાકે (સવારે)
માધ્યમ: ઓનલાઈન (મીટિંગની લિંક) (Two Way Link)

https://gswan.webex.com/gswan/j.php?MTID=mffb96c232b3f315abdc7f7b5705f038e

સૂચનાઓ :

- આ કાર્યક્રમની ઓન લાઈન Two Way Link હોય માત્ર આપની યુનિવર્સીટી એ જ આનો વપરાશ કરવાનો રહેશે. અન્ય કોઈ સાથે Share ન કરવા અનુરોધ છે.
- એક ઓડીટોરીયમ કે હોલ થી આ કાર્યક્રમમાં માન કુલપતિશ્રી, યુનિવર્સીટીનાં રજિસ્ટ્રારશ્રી, યુનિવર્સીટીનાં અધિકારીશ્રીઓ, ભવનનાં હેડ,પ્રોફેસર અને વિદ્યાર્થીઓ ૨૦૦ થી વધુ સખ્યામાં સામુહિક રીતે જોડાશે.
- આ કાર્યક્રમ માં ઓન લાઈન Two Way Link આપવામાં આવેલ હોય સમગ્ર કાર્યક્રમ આપે આપનો વિડીયો ચાલુ રાખવાનો રહેશે તથા સમગ્ર કાર્યક્રમ દરમિયાન બિનજરૂરી અવર–જવર ટાળવાની રહેશે આ કાર્યક્રમ દરમિયાન કાર્યક્રમમાં જોડાયેલ તમામ મોબાઈલ નો વપરાશ ન કરે તે ખાસ સુનિશ્ચિત કરવાનું રહેશે. આ કાર્યક્રમ શાંતિથી નિહાળી શકાય તે મુજબની વ્યવસ્થા કરવાની રહેશે. જ્યારે માન. મુખ્યમંત્રીશ્રી કે મહાનુભાવો સંવાદ કરવા ઈચ્છે ત્યારે જ આપે આપનો ઓડિયો UNMUTE કરવાનો રહેશે.
- તા. ૨૮/૦૯/૨૦૨૬ (સોમવાર) ના રોજ સવારે ૧૦:૪૫ કલાકે આ Two Way Link મારફતે જોડાયને રિહર્સલ કરવાનું રહેશે.
- તા. ૨૮/૦૯/૨૦૨૬ (સોમવાર) ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે માન કુલપતિશ્રી એક ઓડીટોરીયમ કે હોલ થી યુનિવર્સીટીનાં રજિસ્ટ્રારશ્રી, યુનિવર્સીટીનાં અધિકારીશ્રીઓ, ભવનનાં હેડ,પ્રોફેસર અને વિદ્યાર્થીઓ પોતાનું સ્થાન સામુહિક રીતે મેળવી રહે તે ખાસ સુનિશ્ચિત કરવાનું રહેશે
- શુભારંભ બાદ આ **ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધા (GSVS)–૨૦૨૬માં** વધુમાં અને વધુ વિદ્યાર્થીઓ ભાગ લે તે સુનિશ્ચિત કરવાનું રહેશે

આભાર સહ.

કમિશ્નર, ઉચ્ચ શિક્ષણ, ગુ.રા.
અને સીઈઓ, કેસીજી

નકલ રવાના જાણ સારું :

- અધિક મુખ્ય સચિવશ્રી, ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ, ગુ, રા.
- જોઈન્ટ સીઈઓ, (એક્સ્ટેન્શન), કેસીજી, ગુ.રા.
- નાયબ નિયામકશ્રી, (NSS), ઉચ્ચ શિક્ષણ, ગુ, રા.
- શ્રી અભય શાહ, સંયોજક, સેવ કલ્ચર સેવ ભારત ફાઉન્ડેશન